| | |
|---|---|
| દાખલ તારીખ | : ૧૮/૦૨/૨૦૨૧ |
| નોંધ્યા તારીખ | : ૧૮/૦૨/૨૦૨૧ |
| હુકમ તારીખ | : ૧૭/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૫, માસ ૦૧, દિવસ ૩૦ |

## FORM -A

**<u>મોરબીના મહે.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.મુ.મોરબી.</u>**

(બી.વી.સંચાણીયા)

**ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોરબી**

**(જીજે ૦૦૭૪૫)**

**ચુકાદાની તારીખ:૧૭/૦૪/૨૦૨૬**

**ક્રિમીનલ કેસ નં.:૨૦૧૯/૨૦૨૧**

**મોરબી તાલુકા પો.સ્ટે.એ-પાર્ટ**

**ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૫૨૦૦૩૭૨/૨૦૨૦**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **ફરીયાદપક્ષે વકીલશ્રી** | **વિ.એ.પી.પી.શ્રી** |
| **આરોપી** | **(૧) ભારતીબેન મહેશભાઇ કગથરા<br>(૨)પ્રવીણભાઇ વિઠ્ઠલભાઇ કગથરા<br>(૩) અશ્વીનભાઇ નવઘણભાઇ ઉર્ફે નકાભાઇ કગથરા<br>બધ્ધા રહે.પપપ નળીયાનાં કારખાનાની ઓરડીમાં, ભડીયાદ ગામ, તા.જી.મોરબી** |
| **આરોપી તરફે વકીલશ્રી** | **વિ.વ.શ્રી. એમ.કે.જાડેજા** |

## FORM -B

| | |
|---|---|
| **બનાવ તારીખ** | **૨૨/૦૩/૨૦૨૦** |

| | |
|---|---|
| એફ.આઈ.આર. તા. | ૨૩/૦૩/૨૦૨૦ |
| ચાર્જશીટ દાખલ તા. | ૧૮/૦૨/૨૦૨૧ |
| ચાર્જફ્રેમ કર્યા તા. | ૧૮/૦૨/૨૦૨૧ |
| પુરાવો ચાલુ થયા તા. | ૧૦/૦૩/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તા. | ૧૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | -- |

| સામાવાળા નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર /નિર્દોશ | સજા | CRPC ની કલમ: ૪૨૮ માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભારતીબેન મહેશભાઇ કગથરા | ૧૧/૦૪/૨૦ | ૧૧/૦૪/૨૦ | ઇ.પી.કો. કલમ-૩૨૫, ૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ-૧૩૫ | નિર્દોષ | -- | -- |
| ૨ | પ્રવીણભાઇ વિઠ્ઠલભાઇ કગથરા | ૧૧/૦૪/૨૦ | ૧૧/૦૪/૨૦ | ઇ.પી.કો. કલમ-૩૨૫, ૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ-૧૩૫ | નિર્દોષ | -- | -- |
| ૩ | અશ્વીનભાઇ નવઘણભાઇ ઉર્ફે નકાભાઇ કગથરા | ૧૧/૦૪/૨૦ | ૧૧/૦૪/૨૦ | ઇ.પી.કો. કલમ-૩૨૫, ૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ-૧૩૫ | નિર્દોષ | -- | -- |

## FORM-C

**ફરિયાદ પક્ષે/બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ.અરજદાર પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| પી.ડબલ્યુ.૧/આંક:૨૭ | સંજયસિંહ રમેશભાઇ ગોહીલ | પંચ |
| પી.ડબલ્યુ.૨/આંક:૨૯ | રવીરાજસિંહ જીલુભા રાઠોડ | પંચ |
| પી.ડબલ્યુ.૩/આંક:૩૦ | રમેશભાઇ ભગવાનજીભાઇ જીંજવાડીયા | સાહેદ |
| પી.ડબલ્યુ.૨/આંક:૩૧ | સવીતાબેન રમેશભાઇ જીંજવાડીયા | સાહેદ |
| પી.ડબલ્યુ.૩/આંક:૩૩ | સુનીલભાઇ રમેશભાઇ જીંજવાડીયા | ફરીયાદી |

**બી./સામાવાળા પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**સી./કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

**ફરિયાદ પક્ષે/બચાવપક્ષે/કોર્ટ પક્ષે આંક:**

**એ.અરજદાર પક્ષે આંક:**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૮ | પંચનામું |
| ૨ | ૩૪ | ફરીયાદ |

**બી./સામાવાળા પક્ષે આંક:**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**સી./કોર્ટ પક્ષે આંક:**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| -- | -- | -- |

**કબજે કરેલ મુદામાલ:**

| અ.નં. | આર્ટીકલ નં. | વિગત |
|---|---|---|
| ૧. | ૧ | આરોપીએ બનાવ વખતે ઉપયોગમાં લીધેલ લાકડાનો ધોકો જેની લંબાઇ આશરે ત્રણ સવા ત્રણ ફુટનો છે તે |

**-: જજમેન્ટ :-**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૨/૦૩/૨૦૨૦ ના કલાક ૧૩:૦૦ વાગ્યાના અરસામા આ કામના ફરીયાદી આરોપીઓની ઓરડી પાસે રસ્તે મોબાઈલમા વાત કરતો જતો હતો ત્યારે આરોપી નં. ૧ ના એ મોબાઈલ મા કેમ અહીં વાત કરે છે કહી ઝધડો કરી ગાળો કાઢતા આરોપી નં.ર તથા ૩ નાઓ આરોપી નં.૧ નાનુ ઉપરામણ લઈ આવી આરોપી નં.ર ના હાથમાં લાકડાનો ધોકો હતો તેનો એક ઘા કરીને ફરી.ને હાથમા મારેલ આરોપી નં.૧ તથા ૩ નાએ ફરી ને ગાળો કાઢી ઢીકાપાટુનો મુઢ માર મારી ફરીને હાથમા ફેકચર જેવી ઈજા કરી મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબ મોરબીના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી આઈ.પી.સી કલમ ૩૨૫,૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબનો મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ. જે અંગે સી.આર.પી.સી.ની કલમ-૧૫૪ વાળી ફરીયાદ **મોરબી તાલુકા પો.સ્ટે.એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૫૨૦૦૩૭૨/૨૦૨૦** થી નોંધવામાં આવેલ તેમજ તપાસ કરનાર અમલદારે સદર કામે ફરીયાદ કોગ્નીઝેબલ ગુનાની હોય સી.આર.પી.સી.ની કલમ-૧૫૬ અન્વયે તેઓને તપાસ કરવાની સત્તા હોય તપાસના કામે આરોપીઓ મળી આવતા તેઓની અટક કરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય સી.આર.પી.સી. ની કલમ-૧૭૩ અન્વયે આંક-૧ વાળુ ચાર્જશીટ નામદાર અદાલતમા કરેલ.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને સમન્સ બજી જતા આ કામે આરોપી હાજર થતાં સી.આર.પી.સી. ની કલમ– ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી, સદર કામે આરોપીઓ સામેનું તહોમત વોરંટ ટ્રાયેબલ ગુનાનું હોય આરોપીઓ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૪૦(૧) મુજબ આંક–૦૪ થી આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવેલ. બાદમા સી.આર.પી.સી. ની કલમ–૨૪૦(૨) મુજબ આંક–૦૫ તથા આંક–૦૬ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા આરોપીઓએ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા અને કેસ આગળ ચલાવવાનું જણાવતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને સી.આર.પી.સી.ની કલમ–૨૪૨ મુજબ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) **ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે, જે તમામ વિગત ફોર્મ–સીમાં જણાવેલ છે. બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.**

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય ફરીયાદપક્ષે આંક–૩૭ થી કલોઝીંગ પુરશીશ રજુ રાખી ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામા આવેલ. ત્યારબાદ સદર કામે આરોપીઓના સી.આર.પી.સી.કલમ ૩૧૩ મુજબ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ તેમાં જણાવેલ છે કે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ છે. ત્યારબાદ બંને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની વિગતવાર દલીલો સાંભળી.

(૫) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી ની તથા આરોપી તર્ફે દલીલ સાંભળી.

(૬) ઉપરોકત હકીકતોના ન્યાયીક નિર્ણય અર્થે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(અ) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ તા.૨૨/૦૩/૨૦૨૦ ના કલાક ૧૩:૦૦ વાગ્યાના અરસામા આ કામના ફરીયાદી આરોપીઓની ઓરડી પાસે રસ્તે મોબાઈલમા વાત કરતો જતો હતો ત્યારે આરોપી નં. ૧ ના એ મોબાઈલ મા કેમ અહીં વાત કરે છે કહી ઝઘડો કરી ગાળો કાઢતા આરોપી નં.ર તથા ૩ નાઓ આરોપી નં.૧ નાનુ ઉપરામણ લઈ આવી આરોપી નં.ર ના હાથમાં લાકડાનો ધોકો હતો તેનો એક ઘા કરીને ફરી.ને હાથમા મારેલ આરોપી નં.૧ તથા ૩ નાએ ફરી ને ગાળો કાઢી ઢીકાપાટુનો મુઢ માર મારી ફરીને હાથમા ફેકચર જેવી ઈજા કરી મદદગારી કરી મહે.જીલ્લા મેજી.સાહેબ મોરબીના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી આઈ.પી.સી કલમ-૩૨૩,૩૨૫,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(બ) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતનાં નિર્ણયો તેનાં કારણો સહિત નીચે મુજબ છે.

(અ) **નકારમાં.**

(બ) **આખરી હુકમ મુજબ.**

**-::કારણો::-**

**મુદ્દા નં.૧ :-**

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દુકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામા ઠરાવેલ છે કે,

***Three cardinal principles of criminal jurisprudence are well settled namely:***

***(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;***

***(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and***

***(3) that the onus of the prosecution never shifts.***

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

(૯) આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવાની ચર્ચા કરીએ તે અગાઉ એ નોંધવુ જરુરી છે કે, ફરિયાદપક્ષ ધ્વારા જે દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે, તે દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાનુ સમર્થન મળવુ જરુરી છે.

(૧૧) હાલના કામે ફરીયાદપક્ષ તરફે આરોપીઓ ઉપર **ઈ.પી.કો.કલમ–૩૨૩,૩૨૫,૫૦૪,૧૧૪ તેમજ જી.પી.એકટ કલમ –૧૩૫** મુજબના શિક્ષાને પાત્ર ગુનાનો આક્ષેપ છે અને જેના તત્વો જોવા જરૂરી બને છે જે નીચે મુજબ છે.

***<u>કલમ–૩૨૩. સ્વૈચ્છાપુર્વક વ્યથા કરવા બાબત :–</u>***

કોઈ પણ વ્યકિત, કલમ ૩૭૭ મા જણાવેલ સંજોગોમા હોય તે સિવાય, સ્વૈચ્છા પુર્વક વ્યથા કરે, તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રુપીયા સુધીના દંડ અથવા તે બન્ને સજા કરવામા આવશે.

**<u>કલમ–૩૨૫ સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા માટે શિક્ષા :–</u>**

કોઈ પણ વ્યકિત, કલમ–૩૩૫ મા જણાવેલ સંજોગોમા હોય તે સિવાય, સ્વેચ્છાપુર્વક મહાવ્યથા કરે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**<u>કલમ–૫૦૪ સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદા થી અપમાન :–</u>**

ઉશ્કેરાય જઈને કોઈ પણ વ્યકિત જાહરે સુલેહ શાંતિ નો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદા થી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિ નો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે તેવો સં ભવ હોવાનુ જાણવા છતા, કોઈપણ વ્યકિત, ઈરાદાર્પુવક અન્ય કોઈ વ્યકિત નુ અપમાન કરી ને, તેને એવા ઉશ્કેરાટ નું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામા આવશે.

**<u>આ કલમ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા જરુરી છે.</u>**

૧. આરોપીએ ઈરાદાર્પુવક કોઈ વ્યકિત નુ અપમાન કરે.

૨. આવુ કૃત્ય આરોપી એ વ્યકિત ને ઉશ્કેરવા માંટે કરેલ હોય.

૩. આરોપી જાણતો હતો કે તેમ થવા થી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

**<u>કલમ-૧૧૪ . ગુનો આચરવામા આવે ત્યારે મદદગાર ની હાજરી :-</u>**

પોતે હાજર ન હોય અને પોતે કરેલ મદદગારીના પરીણામે થયેલ જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજાને પાત્ર થાય તેવુ કૃત્ય પોતાની હાજરીમા થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ જણાશે.

**<u>આ કલમ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા જરૂરી છે.</u>**

૧. મુખ્ય ગુનો બન્યો હોવા જોઈએ, એટલે કે ંગનાની મદદગારી કરવામા આવી હોય તે ગુનો બન્યો હોવો જોઈએ.

૨. તે મુખ્ય ગુના મા મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

૩. ગુનો બને ત્યારે મદદગાર ની હાજરી ત્યા હોવી જોઈએ.

૪. આવો મદદગાર ગેરહજાર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ.

૫. ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે મદદગારે મદદ કરી હોવી જોઈએ.

**<u>ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ</u>**

ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબનું તહોમત છે.જે સાબીત કરવા માટે ફરીયાદ પક્ષે પ્રથમ તો એ સાબીત કરવુ પડે કે જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યા જાહેર જગ્યા હતી અને બનાવ સમયે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હતુ. જાહેર જગ્યા કોને કહેવાય તે નકકી કરવા માટે

*જાહેર જગ્યાની વ્યાખ્યા ધ્યાને લેવી જોઈએ. બોમ્બે પોલીસ એક્ટની કલમ–૨(૧૩) માં સાર્વજીનક જગ્યાની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ ''સાર્વજનીક જગ્યા સંજ્ઞામાં સમુદ્ર કીનારાનો, દરેક સાર્વજનીક મકાનના અથવા સ્મારકના મર્યાદા સ્થળનો અને જે જે જગ્યામાં લોકો પાણી ભરવા, ધોવા અથવા ન્હાવા સારુ, વિશ્રાંતિ સારુ જઈ શકે તે સઘળી જગ્યાનો સમાવેશ થાય છે. ''ટૂંકમાં સાર્વજનીક જગ્યા એટલે જે જગાનો લોકો કોઈપણ જાતની અડચણ વગર ઉપયોગ થતો હોય તેને સાર્વજનીક જગા કહે છે. કોઈની પણ પરવાનગી લેવાની અથવા મંજુરી મેળવવાની ન હોય ત્યારે તે જગા વપરાતી હોય તો તે સાર્વજનીક જગા કહેવાય.*

**(૧૨)** ફરીયાદપક્ષે પંચ સાહેદ નં.૧ સંજયસિંહ રમેશભાઈ ગોહીલ નાઓને આંક–૨૮ થી તથા પંચ સાહેદ નં.૨ રવીરાજસિંહ જીલુભા રાઠોડ નાઓને આંક–૨૯ થી તપાસેલ છે સદર પંચસાહેદો સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, આજથી આશરે પાંચેક વર્ષ પહેલા હું હાઉસીંગથી પસાર થતો હતો ત્યારે પોલીસે એક તૈયાર લખાણમાં મારી સહી કરાવેલી તે સીવાય હું કશું જાણતો નથી. આરોપીઓની શરીર સ્થીતીનું પંચનામું મારી હાજરીમાં કરેલ હોય તેવું બનેલ નથી. આરોપીઓને ઓળખતો નથી. આંક–૨૮ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદ તેમના ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા ન હોય, ભારતીય પંરાવા અધીનીયમની કલમ–૧૫૪/બી.એન.એસ.એ. ૧૫૭ મુજબ એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સાહેદ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય

તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ છતાં પણ ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

આરોપી પક્ષે વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, મારી હાજરીમાં પોલીસે પંચનામાની વિગતે કોઇ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, મે તૈયાર પંચનામામાં પોલીસના કહેવાથી સહી કરેલ હતી.

(૧૩) ફરીયાદપક્ષે સાહેદ નં.૩ રમેશભાઈ ભગવાનજીભાઇ જીંજવાડીયા નાઓને આંક-૩૦ થી તપાસેલ છે સદર પંચસાહેદો સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, બનાવ આશરે ચાર સાડા ચાર વર્ષ પહેલા લોકડાઉન વખતે બનેલો. બનાવ બપોરના દસ થી અગીયાર વાગ્યે બનેલો. બનાવ પપપ નળીયાની ઓરડી પાસે બનેલો. ત્યાં કોઈ હાજર ન હતું. બનાવ બનેલ ત્યારે હું હાજર ન હતો. બનાવ બાદ મારો છોકરો સુનીલ ઘરે આવેલ ત્યારે બનાવની ખબર પડેલી. તેણે મને જણાવેલ કે ફોનમાં ગાળો બોલતો હતો બાજુમાં ઓરડી હોય ગાળો કેમ બોલે છે તેમ કહીને મને ધોકાવી નાખેલો તેવું જણાવેલું. તેણે જણાવેલ કે પ્રવીણભાઇ વીઠ્ઠલભાઇ અને બીજા ૨-૩ જણાએ મારેલું. તે સીવાય બીજું કાંઇ બનેલ નહીં. હું તેમને સરકારી દવાખાને લઇ ગયેલ અને મારા દીકરાને હાથમાં ફ્રેકચર થયેલ.

સદર સાહેદ તેમના ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા ન હોય, ભારતીય પંરાવા અધીનીયમની કલમ-૧૫૪/ બી.એન.એસ.એ. ૧૫૭ મુજબ એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સાહેદ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ છતાં પણ ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

આરોપી પક્ષે વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ બનતા મે નજરે જોયેલ નથી જેથી બનાવ કેવી રીતે બનેલ તે હું કહી શકું નહી.

(૧૪) ફરીયાદપક્ષે સાહેદ નં.૪ સવીતાબેન રમેશભાઇ જીંજવાડીયા નાઓને આંક–૩૧ થી તપાસેલ છે સદર પંચસાહેદો સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, બનાવ લોકડાઉન વખતે બનેલો. બનાવ બપોરના બાર વાગ્યે બનેલો. બનાવ ૫૫૫ નળીયાની ઓરડી પાસે બનેલો. બનાવ શું બનેલ તે મને ખબર નથી. બનાવમાં મારા છોકરાનો હાથ ભાંગી ગયેલો. બનાવમાં પ્રવીણભાઇ અને તેણે ઘા કરેલો જેથી હાથ ભાંગી ગયેલ. પ્રવીણભાઇએ શે નો ઘા કરેલ તેની મને ખબર નથી. બનાવ વખતે હું ઘરે હતી જેથી મને ખબર નથી. તે સીવાય બીજા કોઇ હતા કે કેમ તે મને ખબર નથી. મારા દીકરાએ મને ધોકો મારેલ તેવું કહેતો હતો. મારા દીકરાને હું તથા મારા પતી મોરબી સરકારી દવાખાને લઇ ગયેલ ત્યાં તેને ફ્રેકચર હોવાનું જણાવેલ. પોલીસે મારો જવાબ લીધેલો. પ્રવીણભાઈ અમારી બાજુમાં રહેતા હોય તેઓને ઓળખું છું. પ્રવીણભાઇ કોર્ટમાં હાજર છે. તે સીવાય બીજા કોઇ હતા કે કેમ તેની મને ખબર નથી. મારો દીકરો સુનીલ, ભારતીબેન હતા તેવું કહેતો હતો. મારા દીકરાને ફોનમાં વાતો કરતો હતો ત્યારે ભારતીબેન કંઇક બોલેલા તેવુ મારા દીકરાએ મને જણાવેલ.

સદર સાહેદ તેમના ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા ન હોય, ભારતીય પંરાવા અધીનીયમની કલમ–૧૫૪/ બી.એન.એસ.એ. ૧૫૭ મુજબ એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સાહેદ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ છતાં પણ ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

આરોપી પક્ષે વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ બનતા મે નજરે જોયેલ નથી જેથી બનાવ કેવી રીતે બનેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે, ભારતીબેન અને પ્રવીણભાઇ અમારા પાડોશી થતા હોય જેથી તેઓને ઓળખું છું.

(૧૫) ફરીયાદપક્ષે સાહેદ નં.૫ સુનીલભાઇ રમેશભાઇ જીંજવાડીયા નાઓને આંક–૩૩ થી તપાસેલ છે સદર પંચસાહેદો સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, બનાવ ૬ વર્ષ અગાઉ બપોરના એક વાગ્યાના અરસામાં ભડીયાદ ગામે નળીયાના કારખાનાની ઓરડી પાસે બનેલો. તે સમયે હું મારા મોબાઇલમાં વાત કરતા જતો હતો ત્યારે ભારતીબેન મહેશભાઇ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સમયે દેકારો થતાં ત્યાં ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા તેથી ધકકા મુકકી થતાં મને પડી જવાથી ડાબા હાથમાં ફ્રેકચર જેવી ઇજા થયેલી. તે બાબતે મે સારવાર લીધેલી. આરોપીઓ ભેગા મળી મને ગાળો આપેલ હોય કે હથીયાર ધારણ કરી માર મારી ઇજા કરેલ હોય તેવું બનેલ નથી. બનાવ અંગે મે મોરબી તાલુકા પો.સ્ટે. માં ફરીયાદ આપેલી. આરોપીઓ મારા સંબંધી થતાં હોય તેઓને હું ઓળખું છું. આંક–૩૪ થી રજુ થયેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર સાહેદ તેમના ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા ન હોય, ભારતીય પંરાવા અધીનીયમની કલમ–૧૫૪/ બી.એન.એસ.એ. ૧૫૭ મુજબ એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી સાહેદ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ છતાં પણ ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

આરોપી પક્ષે વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે

કે, આરોપીઓ મને કોઈ હથીયાર વડે માર મારેલ નથી કે ગાળો આપેલ નથી. એ વાત ખરી છે કે, બનાવમાં ધકકા મુકકી થતાં હું પડી ગયેલ હોય અને મને ફ્રેકચર જેવી ઈજાઓ થયેલ હોય જેની સારવાર મે લીધેલ અને તે વખતે મે ડોકટરને કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓને અને અમારે મનમેળ થઈ ગયેલ છે અને સદર કામ આગળ ચલાવવા માંગતા નથી.

**(૧૬). પુરાવાનું મુલ્યાંકન**

**(૧૬.૧)** હાલના કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો ફરીયાદ પક્ષના પુરાવાને પોતાની જુબાનીથી સર્મથન કરતા નથી. તેમજ તેઓની હાજરીમાં આરોપી પાસેથી મુદામાલ કબજે કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદ પક્ષ દ્રારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીઓને હાલના ગુના સાથે સાકળી શકાય તેવો પુરાવો નથી તેવુ આ અદાલતનુ નમ્ર પણે માનવુ છે. વધુમાં <u>માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ. એચ. ઈ.એલ.એચ.સી. પાના નં.૨૨૭૬૯૮</u> માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ''જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય." ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા માટે પુરાવો નથી. ફરીયાદ મુજબની હકીકતને પંચસાહેદોના સોગંદ ઉપરની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. ફરીયાદપક્ષ ફરીયાદ મુજબની હકીકતને પંચસાહેદોની જુબાનીથી નિ:શંકપણે સાબીત કરી શકેલ ન હોય જેનો લાભ આરોપીને મળવો જોઈએ તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે.

(૧૬.૨) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદ રમેશભાઈ તથા સવીતાબેન જુબાનીનુ પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓ પોતાના સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ બનેલ તે સમયે તેઓ હાજર ન હોય, બનાવ નજરે જોયેલ નથી. તેઓ બનાવના પ્રત્યક્ષ સાક્ષી નથી. તેથી તેમની સાક્ષી હીયરસે (hearsay) સ્વરૂપની બની જાય છે તેથી તેઓના સોગંદ ઉપરની જુબાની સ્વતંત્ર અને મજબૂત પુરાવા તરીકે ગણાવી શકાય તેવી નથી. સદર સાહેદ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ તેઓની વિસ્તૃત ઉટલ તપાસ કરવા છતા પણ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી તથા બનાવ નજરે જોયેલ ન હોય જેથી બનાવ બાબતે કશુ કહી શકે તેમ ન હોવાની હકીકત જણાવે છે. આમ, ફરીયાદપક્ષની હકીકતને પોતાના સોગંદ પરની જુબાનીથી સંપૂર્ણપણે નિર્વિવાદ અને વિશ્વસનીય સમર્થન મળતુ ન હોય જેથી આરોપીને શંકાનો લાભ મળવો જોઇએ.

(૧૬.૩) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીનુ પુરાવાકીય મુલ્યાંકન કરતા પહેલા નોંધવુ જરૂરી છે કે, ઉપરોકત હકીકત ધ્યાને રાખી તપાસવામા આવેલ ફરીયાદી કે જેઓ ભોગ બનનાર સાહેદ છે તેઓ પુરાવાની દ્રષ્ટીએ અતી મહત્વના સાહેદ છે તેઓની જુબાનીનું પુરાવાકીય મુલ્યાકન કરતા તેઓ એ જણાવેલ છે કે, બનાવ ૬ વર્ષ અગાઉ બપોરના એક વાગ્યાના અરસામાં ભડીયાદ ગામે નળીયાના કારખાનાની ઓરડી પાસે બનેલો. તે સમયે હું મારા મોબાઇલમાં વાત કરતા જતો હતો ત્યારે ભારતીબેન મહેશભાઈ સાથે મારે સામાન્ય બોલાચાલી થયેલી તે સમયે દેકારો થતાં ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા તેથી ધકકા મુકકી

થતાં મને પડી જવાથી ડાબા હાથમાં ફ્રેકચર જેવી ઈજા થયેલી. તે બાબતે મે સારવાર લીધેલી. આરોપીઓ ભેગા મળી મને ગાળો આપેલ હોય કે હથીયાર ધારણ કરી માર મારી ઈજા કરેલ હોય તેવું બનેલ નથી. બનાવ અંગે મે મોરબી તાલુકા પો.સ્ટે. માં ફરીયાદ આપેલી. સદર સાહેદ ફરીયાદ મુજબની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય ફરીગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરતા પણ એવી હકીકત જણાવે છે કે, બનાવમાં ધકકા મુકકી થતાં હું પડી ગયેલ હોય અને મને ફ્રેકચર જેવી ઈજાઓ થયેલ હોય જેની સારવાર મે લીધેલ અને તે વખતે મે ડોકટરને કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી.આરોપીઓને અને અમારે મનમેળ થઈ ગયેલ છે અને સદર કામ આગળ ચલાવવા માંગતા નથી. આમ, ફરીયાદી કે જેઓ આ કામના ઈજા પામનાર છે તેઓની જુબાનીથી માર મારેલ હોય, ફ્રેકચર જેવી ઈજા થયેલ હોય, ગાળો બોલેલ હોય તેવી હકીકતને નિ:શંકપણે સમર્થન મળેલ હોય તેવુ માની શકાય નહી. આમ, ફોજદારી કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે કે આરોપ સાબિત કરવાનો ભાર પ્રોસિક્યુશન ઉપર છે અને તે પણ શંકારહીત. હાજર કેસમાં સત્તાવાર પુરાવાનો અભાવ, મુદામાલ અંગે અનિશ્ચિતતા જેવા પરિબળોને ધ્યાનમાં લેતાં આરોપીઓને શંકાનો લાભ આપવો યોગ્ય જણાય છે.

**(૧૬.૩)** તેમજ હાલના કામે આરોપીઓ ધ્વારા ગાળો બોલી ઈજા કરેલાનો આક્ષેપ હોય પરંતુ ગાળોના શું શબ્દો હતા તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રજૂ કરેલ નથી. તે સંજોગોમાં બી.એન.એસ.ની કલમ–૩૫૨ (જુની ઈ.પી.કો. કલમ–૫૦૪) અંગે **નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમના પ્રવિણભાઈ બેચરદાસ વણકર અને બીજાઓ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૧),**

**જી.એલ.એચ.૩૩૭** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ અપમાન ઈરાદાપુર્વકનું જ નહીં, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગંનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ તેમજ તેના અસલ શબ્દો રેકર્ડ પર આવે નહીં ત્યાં સુધી એવું ઠરાવવું શકય નથી કે, આ પ્રમાણેનો ગુનો આરોપી ધ્વારા આચરવામાં આવેલો છે. જેથી હાલના કામે આરોપીઓએ ફરીયાદીને બનાવ સમયે શું ગાળો આપેલી? તે ગાળોના શબ્જો શું હતા? અને તેના પરિણામે ફરિયાદી સુલેહ શાંતિનો ભંગ કરવા ઉશ્કેરાયેલા કે કેમ? તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવતો નથી.

**(૧૬.૪)** આમ, ઉપરોકત હકીકતોએ ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદ, ફરિયાદીની જુબાની, સાહેદોની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત નિ:શંકપણે સાબીત કરી શકેલ ન હોય તેમજ હાલના કામે જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ હોય, પરંતુ ફરિયાદ પક્ષ તરફે તે બાબતે લેશમાત પુરાવો રજૂ કરેલ નથી. આમ, હાલના બનાવમાં આ કામના આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ હોય તેવો કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપીઓની આ ગુનામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે જણાય આવતું ન હોય અને એ રીતે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર થતો ન હોય રજૂ થયેલ પુરાવો ફરિયાદ પક્ષને મદદકર્તા થઈ શકે તેમ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપી વિરુધ્ધ ફરમાવેલ તહોમતનામા મુજબ આઈ.પી.સી કલમ-૩૨૩,૩૨૫,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ-૧૩૫ મુજબનો શિક્ષા

પાત્ર ગુનો આચરેલ હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૬.૫) આમ, ઉપરોકત તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારું માનવું છે અને ઉપરોકત વિગતે ફરિયાદ પક્ષ આરોપીઓ સામેના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ ન હોય જેથી આરોપીઓને યોગ્ય શંકાનો લાભ મળવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું નમ્ર માનવુ છે. જેથી આરોપીઓને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય આ સંજોગોમાં મુદા નં. ૧ નો નિર્ણય " નકારમાં " ઠેરવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) આ કામના **આરોપી નં.૧ ભારતીબેન મહેશભાઈ કગથરા, આરોપી નં.૨ પ્રવીણભાઈ વિઠ્ઠલભાઈ કગથરા, આરોપી નં.૩ અશ્વીનભાઈ નવઘણભાઈ ઉર્ફે નકાભાઈ કગથરા, બધ્ધા રહે.૫૫૫ નળીયાનાં કારખાનાની ઓરડીમાં, ભડીયાદ ગામ, તા.જી.મોરબી,** નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી કલમ–૩૨૩,૩૨૫,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ અન્વયે સજાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૪૮૧ અન્વયે પ્રત્યેક આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર ગુનાના કામે કબજે લીધેલ હથિયાર અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ તારીખ :૧૭ માહે : એપ્રીલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ:૧૭/૦૪/૨૦૨૬**
**મોરબી.**

**(બી.વી.સંચાણીયા)**
**ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**મોરબી**
**(જીજે ૦૦૭૪૫)**